પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૧૫૦ | ૯ ઓગસ્ટ, ૨૦૧૯, શુક્રવાર; શ્રાવણ સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# કાશ્મીરમાં વિકાસથી આતંકવાદને ખતમ કરીશું : મોદી



**કાશ્મીરમાંથી ૩૭૦,૩૫-એ કલમ હટાવ્યા બાદ પ્રથમ વખત વડાપ્રધાને દેશને સંબોધન કર્યું : સરદાર પટેલ, બાબા સાહેબ આંબેડકર, શ્યામા પ્રસાદ મુખર્જી, અટલજી તથા કરોડો દેશભક્તોનું સપનું પૂર્ણ થયું : વડાપ્રધાને ઇદની શુભકામનાઓ પણ પાઠવી કહ્યું ધીરે-ધીરે હાલાત સામાન્ય થઇ જશે**

ન્યુ દિલ્હી,તા.૮

જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ અને કલમ -૩૫એ હટાવ્યા બાદ પ્રથમ વખત વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશવાસીઓને સંબોધન કર્યું.. તેમણે કહ્યું કે એક રાષ્ટ્ર તરીકે,, એક પરિવાર તરીકે અમે, તમે સમગ્ર દેશે એક ઐતિહાસીક નિર્ણય કર્યો છે. એક એવી વ્યવસ્થા કે જેના કારણે જમ્મુ-કાશ્મીર અને લદ્દાખના લોકો પોતાના અધિકારોથી વંચિત હતા. પરંતુ હવે દેશના તમામ નાગરીકનો હક અને દાયિત્વ સમાન છે. જમ્મુ-કાશ્મીરના વિકાસમાં જે અડચણ હતી. તે આપણા બધાના પ્રયાસથી હવે દૂર થઈ છે. જમ્મુ-કાશ્મીરના લોકોને તેમનો વર્ષોથી અટકી ગયેલો હક મળ્યો છે. પીએમ મોદીએ આર્ટિકલ-૩૭૦ના ખતમ કરવા થવાને લઈને દેશવાસીઓને શુભેચ્છા પાઠવી.

તેમણે કહ્યું કે જે સપનુ સરદાર પટેલ,બાબા સાહેબ આંબેડકર,ડો.શ્યામા પ્રસાદ મુખર્જી અને અટલજી તેમજ કરોડો દેશભક્તોનું હતુ તે હવે પૂર્ણ થયું છે. વડાપ્રધાને કલમ -૩૭૦ અને કલમ-૩૫એ દુરોપયોગની વાત કરતા જણાવ્યં કે તેનાથી જમ્મુ-કાશ્મીરને માત્ર ભાગલાવાદ, આતંકવાદ, પરિવારવાદ અને વ્યવસ્થામાં મોટા પ્રમાણે ફેલાયેલો ભ્રષ્ટાચાર સિવાય કંઇ પણ મળ્યું નથી. ઉપરાંત કલમ-૩૭૦ અને કલમ ૩૫-એનો ઉપયોગ દેશની વિરૂદ્ધ કેટલાક લોકોની ભાવના ભડકાવવા માટે પાકિસ્તાન તરફથી એક હથિયાર તરીકે થતો હતો. છેલ્લા ૩ દાયકામાં ૪૨ હજાર નિર્દોષ લોકોનો પોતાનો જીવ ગુમાવવો પડ્યો. જમ્મુ-કાશ્મીર અને લદ્દાખનો વિકોસ એ રીતે ન થઈ શક્યો, જેના તેઓ હકદાર હતા.

તેમણે કલમ-૩૭૦ હટાવ્યા બાદ આ પ્રદેશના લોકોને મળનારી સુવિધાની વાત કરતા કહ્યું કે દેશના અન્ય રાજ્યોમાં દલિતો પર અત્યાચાર રોકવા માટે કડક કાયદા લાગુ છે પરંતુ જમ્મુ-કાશ્મીરમાં આવો કાયદો લાગુ થતો ન હતો. કલમ-૩૭૦ અને કલમ-૩૫એ

● અનુસંધાન પાન-૭ પર

# પાકિસ્તાને સમજોતા એક્સપ્રેસ ટ્રેન સેવા રોકી

નવી દિલ્હી,તા. ૮

કલમ ૩૭૦ને નાબૂદ કરી દેવામાં આવ્યા બાદ પરેશાન અને હચમચી ઉઠેલા પાકિસ્તાન દ્વારા નાપાક હરકતો જારી રાખવામાં આવી છે. કોઈપણ અર્થ વગરના ઈરાદાનો સંકેત મળે છે. આજે પાકિસ્તાને ભારત સાતે સમજોતા એક્સપ્રેસ ટ્રેન સેવા સસ્પેન્ડ કરી દીધી હતી. આ ઉપરાંત ભારતીય ફિલ્મો ઉપર પણ પ્રતિબંધ મુકવાની જાહેરાત કરી હતી. સાથે લોકોને ઉશ્કેરવા માટે કેટલી હદ સુધીના પ્રયાસો કરી રહ્યું છે. ઈસ્લામાબાદે નવી દિલ્હી સાથે તેના રાજદ્વારી સંબંધોને તોડી નાંખ્યા બાદ આજે પાકિસ્તાનના રેલવેમંત્રી શેખ રશીદ અહેમદ

**ભારતીય ફિલ્મો પર પ્રતિબંધ મુકવા અને પોતાના એરસ્પેસના એક કોરિડોરને બંધ કરવા પણ નિર્ણય**

નિર્ણયો તેના દ્વારા લેવાનો સિલસિલો જારી રાખવામાં આવ્યો છે. આજે પણ પાકિસ્તાને અનેક એવા નિર્ણય લીધા હતા જેના લીધે ઉશ્કેરણીજનક ગતિવિધિ જારી રાખવાના પાકિસ્તાનના ખતરનાક સાથે પોતાના એર સ્પેસના એક કોરિડોરને બંધ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. આ તમામ નિર્ણયો એક પછી એક પાકિસ્તાન દ્વારા લેવામાં આવ્યા છે જે દર્શાવે છે કે, પાકિસ્તાન જમ્મુ કાશ્મીરના દ્વારા જાહેરાત કરવામાં આવી હતી કે, ભારત સાથે સમજોતા એક્સપ્રેસ ટ્રેનને સસ્પેન્ડ કરી દેવામાં આવી છે. તેમણે કહ્યું હતું કે, સમજોતા એક્સપ્રેસ સર્વિસ હવે ઓપરેટ થશે નહીં. સમજોતા એક્સપ્રેસના ડબ્બાઓનો ઉપયોગ હવે ઇદના પ્રસંગે પ્રવાસ કરી રહેલા યાત્રીઓ માટે કરવામાં આવશે. અગાઉ ભારતીય કર્મચારીઓ અને ગાર્ડને મુકવાના પ્રયાસ પણ કરવામાં આવ્યા હતા. પાકિસ્તાને સમજોતા એક્સપ્રેસને વાઘા સરહદ ઉપર અટકાવી દીધી હતી. પાકિસ્તનથી આ ટ્રેન આજે

● અનુસંધાન પાન-૭ પર



# જમ્મુ કાશ્મીરમાં જનજીવન પૂર્વવત, નાગરિકો બહાર દેખાયા

**દુકાનો ખુલી, બજારમાં લોકોની જોરદાર ભીડ : કાશ્મીરની શેરીઓમાં દોભાલે ફરી ફરી લોકોમાં વિશ્વાસ જગાવવાનો પ્રયાસ કર્યો : કેન્દ્રની સ્થિતી પર ચાંપતી નજર**

જમ્મુ,તા. ૮

કલમ ૩૭૦ને નાબુદ કરવામાં આવ્યા બાદ જમ્મુ કાશ્મીરમાં જનજીવનને પાટા પર લાવવા માટેના તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. રાજ્યના લોકોમાં આત્મવિશ્વાસ જગાવવા માટેના તમામ પ્રયાસો કરવાની જવાબદારી ટોપ અધિકારીઓને સોંપવામાં આવી છે. સૌથી મોટી જવાબદારી રાષ્ટ્રીય સુરક્ષા

● અનુસંધાન પાન-૭ પર




# દેશના ૧૯ એરપોર્ટ પર હાઈએલર્ટ

**અમદાવાદ સહિત દેશના તમામ વિમાની મથકો પર અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા : મોટા ત્રાસવાદી હુમલાનો ખતરો મુંબઈ હુમલામાં સંડોવણી ધરાવનાર અસગર દ્વારા હુમલાઓની યોજના તૈયાર કરાઈ હોવાના અહેવાલ**

નવી દિલ્હી,તા. ૮


જમ્મુ કાશ્મીરમાં કલમ ૩૭૦ને નાબુદ કરવામાં આવ્યા બાદ સ્વતંત્રતા દિવસની ઉજવણી પહેલા ભારતમાં મોટા હુમલા કરવાની યોજના ત્રાસવાદી સંગઠન જેશે મોહમ્મદ અને લશ્કરે તોયબા દ્વારા તૈયાર કરવામાં આવી હોવાના હેવાલ મળ્યા છે. જેના કારણે અમદાવાદ વિમાનીમથક સહિત દેશના ૧૯ વિમાનીમથકોને હાઈ એલર્ટ પર મુકી દેવામાં આવ્યા છે. સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. સુરક્ષા વ્યવસ્થા મજબુત કરવામાં આવી છે. બ્યુરો ઓફ સિવિલ એવિએશન સિક્યુરિટી દ્વારા દિલ્હી, મુંબઈ, હૈદરાબાદ, મુંબઈ, બેંગલોર, ઈમ્ફાલ, ચેન્નાઈ, કોલકત્તા, અમૃતસર, થિરુવનંતપુરમ, રાયપુર, જયપુર, લખનૌ, શ્રીનગર, પટણા, ગુવાહાટી, ભોપાલ, ભુવનેશ્વર, દહેરાદુન અને અમદાવાદના એરપોર્ટ સત્તાવાળાઓની સાથે સાથે તમામ રાજ્યો અને કેન્દ્રશાશિત પ્રદેશોના પોલીસ

● અનુસંધાન પાન-૭ પર

ACHIEVE OVERSEAS CONSULTANCY
IELTS કોચીંગ
સ્પેશીયલ લેડીઝ બેચ
● આવો તમારા સપનાને સાકાર કરીએ (તમારા સપનાની નજીક એક પગલું આગળ આવો)
● તમારુ ૮ ૭ ૭ ૭ નું લક્ષ્યાંક પ્રાપ્ત કરો (તમારા સપનાના સ્કોર લાવો ૮, ૭, ૭, ૭)
● સ્પોકન ઈંગ્લીશના અલગથી ક્લાસીસ લેવામાં આવશે.
ફ્રી ડેમો ક્લાસ
આજે જ જોડાવો અને તમારા સપના સાકાર કરો.
બીજો માળ, આર વર્લ્ડ, સેક્ટર-૧૬, ગાંધીનગર. ૯૯૮૦૭૨૩૫૩૩ / ૦૭૯-૨૩૨૨૩૫૩૩

STOCK CLEARANCE SALE
On factory seconds & discontinued products
UPTO 60% OFF*
"HURRY" OFFER VALID TILL STOCK LAST







Woodland Furniture
Plot No. 704/a,
Nr. Jaipur Golden,
Sector-28, GIDC, Gandhinagar.
TEL : 7923210155
9824520835.

Ghanashyam Furniture
Plot No. 852,
Vishvakarma Shopping,
Sector-21, Gandhinagar.
TEL : (079) 23221058
(079) 23229458.

* Conditions Apply

ગાંધીનગર કલ્ચરલ ફોરમ
ઉજવે છે પ્રસન્નતા નું પચ્ચીસમું વર્ષ

સ્થાપના ના રજત જયંતી વર્ષ ની ઉજવણીના ભાગરૂપે વિચારકો ની અભિવ્યક્તિ નું પર્વ.

પ્રસન્નતા પર્વ

તા. ૧૦ - ૦૮ - ૨૦૧૯, શનિવાર
• પ્રસન્નતા નું પુષ્પ ૧ •
સમય : સવારે ૯:૪૫ થી ૧૨:૦૦
સેવા એ જ પ્રસન્નતા - શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા (શિક્ષણમંત્રી)
મોજ માં રહેવુ રે મોજ માં રહેવુ - પદ્મશ્રી ભીખુદાન ગઢવી (લોકસાહિત્યકાર)

તા. ૧૦ - ૦૮ - ૨૦૧૯, શનિવાર
• પ્રસન્નતા નું પુષ્પ ૨ •
સમય : બપોરે ૨:૩૦ થ ૫:૦૦
સંવાદ પ્રસન્નતા નો સ્ત્રોત છે - શ્રી તુષાર શુકલ (કવિ અને વક્તા)
પ્રસન્નદાંપત્ય જીવન - કાજલ ઓઝા વૈદ્ય (જાણીતા લેખિકા અને વક્તા )
પારદર્શકતા જ પ્રસન્નતા નો પાયો છે - ડો માર્ગી હાથી (અધ્યાપક અને વક્તા )

તા. ૧૦ - ૦૮ - ૨૦૧૯, શનિવાર
• પ્રસન્નતા નું પુષ્પ ૩ •
સમય રાત્રે ૯:૦૦ થી ૧૧ :૩૦
સમય સાથે Selfie
ખેલદિલ સમ્બન્ધો ના દરિયાદિલ ગીતો
સંચાલન - અંકિત ત્રિવેદી
કલાકારો - દિવ્યાંગ અંજારિયા, આનલ વસાવડા, રાગ મહેતા, નયન શર્મા.
(આર્થિક સહયોગ : ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી)

તા. ૧૧ - ૦૮ - ૨૦૧૯, રવિવાર
• પ્રસન્નતા નું પુષ્પ ૪ •
સમય સવારે ૯:૦૦ થી ૧૨ :૩૦
• વિષય •
મન પ્રસન્ન તો જીવન પ્રસન્ન - જયનારાયણ વ્યાસ (વિચારક અને વક્તા )
વ્યસ્ત રહેવું મસ્ત રહેવું - શ્રી ભાગ્યેશ જહા (કવિ, સર્જક અને વક્તા)
પ્રસન્નતા દેવો ભવ - શ્રી ભદ્રાયુ વછરાજાની (કટાર લેખક અને વક્તા )

સ્થળ : ટાઉન હોલ, ગાંધીનગર

સહયોગ : "ટ્યુશન વગર સર્વશ્રેષ્ઠ પરિણામ આપતી ગુજરાતની એકમાત્ર સંસ્થા" Infocity JUNIOR SCIENCE COLLEGE SINCE 2004 Secondary & Higher Secondary Gujarati & English Medium School

પ્રસન્નતા પર્વ માટે ના પ્રવેશ કાર્ડ ગાંધીનગર સમાચાર કાર્યાલય થી ઓફિસ સમય દરમ્યાન મેળવી લેવાના રહેશે